સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ અને વિકસતી જાતિ અને વિચરતી જાતિઓ માટેના ૧૨ (બાર) સમરસ છાત્રાલયોના વહીવટ માટે મહેકમ તથા અન્ય ખર્ચ અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃસમછા/૧૦૧૫/૮૫૨૧૪૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮/૮/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સા. ન્યા અને અ વિભાગનો તા.૧૫-૬-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક- સમછા/૧૦૧૫/ ૮૫૨૧૪૧/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તાઃ ૫/૭/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ-૧-૧-૨૦૧૬-૧૭ -૧૦૧૩૬-૩૮.

સુધારા ઠરાવઃ-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને વિકસતી જાતિ અને વિચરતી જાતિઓ માટેના ૧૨ (બાર) સમરસ છાત્રાલયોના વહીવટ માટે મહેકમ તથા અન્ય ખર્ચ અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ માટે કુલ રૂ.૨૨૭૬.૮૬ લાખની નવી બાબતને વચાણે લીધાં ક્રમ-૧ પરના તા. ૧૫-૬-૨૦૧૬ના ઠરાવથી વહીવટી મંજુરી આપવા આવેલ છે. ત્યારબાદ વચાણે લીધાં ક્રમ-૨ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના તા. ૫-૭-૨૦૧૬ના પત્રથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી ની જગાનો ગ્રેડ- પે ૪૨૦૦/- ને બદલે ૪૪૦૦/-નો સુધારો કરવા અંગેની દરખાસ્ત કરેલ હતી..

કમિશ્નરશ્રી, આદિજાતિ ,નિયામકશ્રી,અનુસુચિત જાતિ, નિયામકશ્રી, વિકસતી જાતિ ખાતાઓ હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી ની જગાનો ગ્રેડ-પે ૪૨૦૦/- ને બદલે ૪૪૦૦/-નો સુધારો કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ વિભાગના તા.૧૫-૬-૨૦૧૬ના સરખા ક્રમાંકની ઠરાવની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩-૮-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ. બી. ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી( આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રાજય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા અધિકારીશ્રીઓ,ની ક્ચેરી, (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રીઓ,અનુસુચિત જાતિ કલ્યાણની ક્ચેરી, (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે નાયબ નિયામકશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની ક્ચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ વિકસતીશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની ક્ચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, અજાક મારફત)
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર, કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ-ગ